# ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલ ખાતે ફાયરલેસ કૂકિંગ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગરની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં ફાયરલેસ કૂકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વાલીઓએ હોંશભેર ભાગ લીધો હતો અને અવનવી વાનીઓ તૈયાર કરી હતી. ચોકલેટ-ખજૂર કેક, કુલેર, શ્રીખંડ આકર્ષણનું કેન્દ્ર રહ્યાં હતાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે નેહા ભટ્ટ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. સ્પર્ધાના વિજેતા તરીકે અનુક્રમે દર્શના પટેલ, રૂપા બારોટ, નૈના ગોધાની, અંજલી વૈદ્યનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં. મૈત્રી પટેલે બાજરીના લોટની કુલેર બનાવીને દેશી સ્વેગનો ખિતાબ મેળવ્યો હતો.

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે

# 'અભિધાયકા' ઈવેન્ટનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૯

તા. ૦૮ માર્ચ, એ 'ઈન્ટરનેશનલ વુમન ડે' તરીકે સમર્ગ વિશ્વમાં સેલિબ્રેટ કરવામાં આવે છે. તેના એક મહિના અગાઉ 'મહિલા સશક્તિકરણ'ના વિષય પર જાગૃતિ અને લોકો ને શિક્ષિત કરવાના હેતુસર તાજેતરમાં ગાંધીનગર ખાતે આવેલી ભારતની પ્રથમ સ્ટાર્ટ-અપ યુનિવર્સિટી ખાતે એક ખૂબ જ રસપ્રદ અને પ્રેરણાદાયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વર્ણિમ ઈન્ક્યુબેશન સેન્ટર એ ઈન્ડસ્ટ્રી કમિશનરેટ, ગુજરાત સરકાર દ્વારા પ્રમાણિત નોડલ સેન્ટર છે જેમાં વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સાહસિકતા અંગેની તમામ તાલિમ, જાગૃતિ કાર્યક્રમો અને સરકારની વિવિધ યોજનો અંગે વિસ્તૃત માહિતી અને પ્રોત્સહન આપવામાં આવે છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની અલગ-અલગ શાખામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ એક મંચ પર એકત્ર થાય અને વુમન ડેવલપમેન્ટ તથા કલ્યાણકારી પ્રવૃતિઓનાં નિર્માણ માટે વિવિધ યોજનાઓ પર આગળ વધે તે હેતુ સર 'અભિધાયકા' ઈવેન્ટનું આયોજન યુનિવર્સિટી કેમ્પસ ખાતે શુક્રવારે કરવામાં આવ્યું હતું.

મહેંદી અને ચિત્ર સ્પર્ધાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ૭૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, વિજેતાઓ ને યુનિવર્સિટી અધ્યાપકો હસ્તક ટ્રોફી, સર્ટિફિકેટ અને મેડલ એનાયત કરવામાં આવ્યાં હતાં.

## ડાયરેક્ટ ❤ સે

ગાયના આંચળમાં
દૂધ ઘણું હોય તો પણ
મચ્છર તો લોહી જ પીવે
- ચીની કહેવત

## જન્મદિને વધામણી



**મંગળભાઈ જે. શાહ**
(ડાયરેક્ટર - તપોવન સંસ્કાર પીઠ)
મો. ૯૪૨૯૨ ૨૦૮૦૯



**નયના નિખિલ વૈષ્ણવ**
મો. ૯૪૨૭૩ ૦૬૩૮૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# લીંબોદરાનું ગૌરવ




ગાંધીનગર, તા. ૯

રાજ્યકક્ષાની દિવ્યાંગ ખેલ મહાકુંભ સ્પર્ધા નડિયાદ ખાતે તાજેતરમાં યોજાઈ હતી, જેમાં લીંબોદરાના દિવ્યાંગ ખેલાડી સંજય પોપટભાઈ દત્તે ચક્ર ફેંક સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગામનું તથા ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. સંજયને કોચ વિશાલ થોરાત દ્વારા આ રમત માટે તાલીમ પૂરી પાડવામાં આવી હતી.



ગાંધીનગર, તા. ૯

હીરામણિ સ્કૂલના જે વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન જુદી જુદી રમતોમાં વિશિષ્ટ સિદ્ધીઓ પ્રાપ્ત કરી છે, તેમને ઈનામો આપી નવાજવા માટે એક સમારોહનું આયોજન સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. પ્રો.ડૉ.હર્ષદભાઈ પટેલ (કુલપતિ, આઈઆઈટીઈ)ના મુખ્ય મહેમાન પદે આયોજિત આ સમારોહમાં જનસહાયક ટ્રસ્ટના પ્રમુખ નરહરિ અમીનના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# આંબેડકર હૉલમાં છવાયો દેશભક્તિનો માહોલ



ગાંધીનગર, તા. ૯

શહેરના ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલમાં શનિવારે રાત્રે દેશભક્તિનો માહોલ જામ્યો હતો અને સૌ પ્રેક્ષકો દેશભક્તિના રંગે રંગાયા હતા.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી બિમલ પાટીલ (પરમાર) નિર્મિત નાટક 'મરણોત્તર'ની ભજવણીને કારણે આ માહોલ ડૉ. આંબેડકર હૉલમાં સર્જાયો હતો.

યોગેશ પટેલ લિખિત અને બિમલ પરમાર દિગ્દર્શિત આ નાટકમાં કર્તુમ તેરૈયા, જયનલ રાવલ, કરિશ્મા પાટડીયા, રૂદ્રી શુક્લ, અર્થ સાધુ, મૌન સાધુ અને કુંતલ નિમાવત દ્વારા મુખ્ય પાત્રો માટે અસરકારક અભિનય આપવામાં આવ્યો હતો.

નાટકમાં સૈનિકોનાં જીવન, દેશભક્તિ અને દેશ માટે હસતાં-હસતાં ફના થઈ જવાની ઉચ્ચતમ ભાવનાનું પ્રભાવી દર્શન કરાવવામાં આવ્યું હતું. ઉપરાંત સરહદ પર સૈનિકોની વિષમ પરિસ્થિતિ અને દેશની આંતરિક અશાંત, ભ્રષ્ટ પરિસ્થિતિનો પણ ખુલ્લો ચિતાર આ નાટકના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવ્યો હતો, જેની પ્રેક્ષકો દ્વારા ભરપૂર સરાહના કરવામાં આવી હતી.

નાટકનું સહદિગ્દર્શન કુંતલ નિમાવત દ્વારા, સંગીત પર્વ નિમાવત (પંચમ) દ્વારા, સંગીત સંચાલન સાગર દેસાઈ દ્વારા, લાઈટ સંચાલન દિવ્યકાન્ત વર્મા દ્વારા, પ્રૉડક્શનની સેવા હિમાંશુ ભચેચ દ્વારા, સૅટિંગ્સની સેવા અક્ષય ભટ્ટ દ્વારા અને નેપથ્યની સેવા મયંક ભટ્ટ દેવલ રામાવત અને કાજલ વૈષ્ણવ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

દેશભક્તિના રંગે રંગાયેલા આ અનોખા નાટકને માણવા માટે જાણીતા પબ્લિક ટ્રેનર દિપક તેરૈયા, ગાંધીનગર સાહિત્યસભાના ઉપ-પ્રમુખ સંજય થોરાત, પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ ખત્રી, પત્રકાર એકતા સંગઠન ગાંધીનગર જિલ્લાના પ્રમુખ કશ્યપ નિમાવત, શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના અધ્યાપક એન કે પટેલ, સિનિયર કલાકાર રાજેશ રાવલ અને પત્રકાર ભૂપેન્દ્ર શ્રોત્રિય ઉપસ્થિત રહ્યા હતા.

# 'જીબીઅન' સ્પર્ધામાં સમર્પણ કૉલેજ અવ્વલ



## કૉલેજની વિદ્યાર્થિની શૈલી ચૌહાણે પ્રથમ ક્રમનું ઈનામ મેળવ્યું

ગુજરાત બાયોટૅકનોલૉજી મિશન અને માઈક્રોબાયોલૉજી સ્ટડી સર્કલ, જે ઍન્ડ જે સાયન્સ કૉલેજ, નડીયાદના સંયુક્ત ઉપક્રમે ૩૧મી 'જીબીઅન' સ્પર્ધાનું આયોજન પી પી સવાણી યુનિવર્સિટી, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લઈને સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થિની શૈલી ચૌહાણે પ્રથમ ક્રમનું ઈનામ મેળવ્યું હતું. વિદ્યાર્થિનીને તેની આ સિદ્ધિ બદલ ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રિન્સિપાલ ડૉ. રીતુ સક્સેનાએ અભિનંદન પાઠવ્યા હતા.

# સાહિત્યસફર કાર્યક્રમમાં ૧૨મીએ હસુ યાજ્ઞિક

## સાહિત્યકાર પોતાનાં જીવન-કવન અંગે વક્તવ્ય આપશે, ચાહકો-પરિવાર સાથે જન્મદિન ઉજવશે



ગાંધીનગર, તા. ૯

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ ૧૨મી ફેબ્રુઆરી ને બુધવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે ગોવર્ધનસ્મૃતિ મંદિર સભાગૃહ ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઓફ ઈન્ડીયાની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક, લોકસાહિત્યકાર, મધ્યકાલીન સાહિત્ય, આદિવાસી સાહિત્યના અભ્યાસુ-લેખક હસુ યાજ્ઞિકના ૮૩મા જન્મદિન પ્રસંગે 'શબ્દજયોતિ' સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે હસુ યાજ્ઞિકને સાહિત્યના ભાવકો અને ચાહકો રૂબરૂ મળી જન્મદિનની શુભેચ્છાઓ આપશે. ત્યારબાદ સાહિત્યકાર હસુ યાજ્ઞિક પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપશે. કાર્યક્રમના અંતમાં સાહિત્યકાર હસુ યાજ્ઞિકના પરિવારજનો અને મિત્રોની ઉપસ્થિતિમાં કેક કાપીને જન્મદિની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત'કરશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી, સૌ સાહિત્યચાહકોને કાર્યક્રમ માણવા આયોજક સંસ્તા દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

# હરે કૃષ્ણ મંદિર દ્વારા શ્રી નિત્યાનંદ ત્રિયોદશી મહોત્સવ





ગાંધીનગર, તા. ૯

શ્રી નિત્યાનંદ ત્રિયોદશી ભગવાન શ્રી નિત્યાનંદના અવતરણના શુભપ્રંસગ નિમિતે ઉજવવામાં આવે છે. જગતમાં હરિનામ સંકિર્તનનો (જે કલયુગનો યુગધર્મ છે) પ્રસાર કરવા માટે સર્વશકિતમાન ભગવાન શ્રી કૃષ્ણ પશ્ચિમ બંગાળના નવદ્વિપ ગામમાં ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુ સ્વરૂપે પ્રગટયા (અવતરણ લીધો) હતા. ચૈતન્ય મહાપ્રભુના આ મહાન કાર્યમાં સહભાગી (સહાયક) થવા ભગવાન શ્રી બલરામે નિત્યાનંદ સ્વરૂપે અવતરણ લીધો હતો. તેમણે ભગવાનના પવિત્ર નામનો પ્રસરાવ સમગ્ર બંગાળમાં કરવા માટે ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુની સહાય કરી હતી. ઉલ્લેખનીય છે કે નિત્યાનંદ પ્રભુ ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુ સાથે એક શાશ્વત સખા તરીકે જોડાયેલ છે.

હરેકૃષ્ણ મંદિર-ભાડજ ખાતે ભગવાનને ખાસ અભિષેક અર્પણ કરવામાં આવ્યો અને ત્યારબાદ નિત્યાનંદ પ્રભુની કિર્તીનું મહતા દર્શાવતી આરતી સુંદર રીતે કરવામાં આવી. અભિષેક ખાસ પ્રકારનો હતો જેમાં ભગવાનને સુંગધીધાર નિર્મળ જળથી સ્નાન કરાવવામાં આવ્યું તેમજ ચંદનના તેલથી માલીશ કરવામાં આવી. માલીશ કર્યા પછી ભગવાનને પંચગવ્યા જે દૂધ, દહીં, ઘી, મધ અને મીઠા પાણીનું મિશ્રણ છે તેનાથી સ્નાન કરાવવામાં આવ્યું. ત્યારબાદ ભગવાનને સર્વોસધી સ્નાન કરવામાં આવ્યું અને ૧૦૮ કળશ દ્વારા અભિષેક કરવામાં આવ્યો જે પછી તેમને ઔષધીય વનસ્પતિના નિસ્તાર, સુંગધીદાર જળ, રસદાર ફળોના રસ, પુષ્પોથી સ્નાન કરાવવામાં આવ્યું. શ્રી નિત્યાનંદ ત્રિયોદશી ઉત્સવના ભાગરૂપે હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે આ પ્રકારનો અભિષેક વર્ષમાં એકવાર કરવામાં આવે છે.ઉપરાંત ૧૦૮ પ્રકારના વિવિધ પકવાનનો ભોગ ભગવાનને અર્પણ કરવામાં આવ્યો હતો.